# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ


**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com


**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૮** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે ક્યા પાઠમાં આવે છે?** **(૫)**

૧. પોતે કર્મોથી મુક્ત થયેલા ૨. કપટના શલ્યથી ૩. અતિચારોનું

૪. પાટિયું – પાટ આદિ ૫. પરિચય કરવો

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. સાતમા વ્રતમાં કેટલા બોલની મર્યાદા કરવાની છે? તેમાંથી પરિભોગના બોલ કેટલા? ક્યા ક્યા? (૪)

૨. મુનિ જીવનના સેમ્પલનું વ્રત ક્યું? આ વ્રતમાં કેટલા નિયમો લેવામાં આવે છે? કેટલી કોટિ છે? અહોરાત્રિ એટલે શું? (૨)

૩. સાવદયોગ કોને કહે છે? (૧)

**(ગ) માત્ર સંખ્યા લખો.** **(૩)**

૧. બાહ્ય પરિગ્રહ ૨. જ્ઞાનના અતિચાર ૩. ઉત્તમ ૪. ઘાતી કર્મ ૫. પરિષહ ૬. શ્રાવકની પ્રતિમા

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શિયાળા અને ઉનાળામાં ભગવાન શું કરતા હતા? (૨)

૨. ભગવાને લાઢ દેશમાં કેટલો સમય વિચરણ કર્યું? કઈ ભૂમિમાં વિચર્યા? (૧.૫×૨)

૩. ભગવાન ક્યા દોષોથી રહિત આહાર – પાણીની ગવેષણા કરતા હતા?

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ત્રસ જીવ કેટલા પ્રકારના છે? ક્યા? ૨. પ્રયોગ પરિણત અને વૃત્ત એટલે શું?

૩. દેવો મેઘ જેવી ગર્જના ક્યારે કરે? ૪. સ્થવિર એટલે શું? તેમના માત્ર નામ લખો.

૫. ભગવાન મહાવીરના શિષ્યો કેવા હતા?

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રાજગૃહ નગરમાં કયો ચોર રહેતો હતો? તેણે બાળકનું શું કર્યું?

૨. વિજય ચોર જેવી દશા કોની થાય?

૩. ધર્મોપદેશ સાંભળી ધન્ય સાર્થવાહે શું કીધું? પછી તેમણે શું કર્યું?

૪. ઉદકજ્ઞાતા કઈ નગરીની વાત છે? ચૈત્યનું નામ શું? ત્યાંના યુવરાજ કોણ? ખાઇ ક્યાં હતી?

૫. પ્રધાને રાજાને અભૂતપૂર્વ જિનવાણીની કઈ વાતો સમજાવી? તે સાંભળી જિતશત્રુ રાજાએ શું કર્યું?

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. કામદેવે ક્યા તપથી આત્માને ભાવિત કર્યો? ૨. દેવે કામદેવ શ્રાવકને શું કહ્યું?

૩. દેવ રૂપી હાથીનું વર્ણન કરો.　　　　　　૪. કામદેવે પોતાની સોનામહોરો ક્યાં રોકેલી હતી?

૫. કામદેવ શ્રાવક અત્યારે ક્યાં છે? ત્યાંથી ક્યાં ઉત્પન્ન થશે? ક્યારે મોક્ષમાં જશે?

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. અનીકસેને દીક્ષા લીધા પછી તેમનું જીવન કેવું હતું?　　૨. ભદ્દિલપુર નગરનું વર્ણન કરો. (૨×૨)

૩. અનીકસેન કુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? તેમના માતા–પિતાનું નામ શું હતું? (૧)

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારના પગ તપથી કેવા થઈ ગયા હતા? (૨×૨)

૨. અનુત્તરોવવાઈ સૂત્રના ત્રીજા વર્ગના ૫ થી ૮ અધ્યયનના નામ લખો.

૩. ધન્ના કુમાર ભગવાનના દર્શન કરવા કેવી રીતે ગયા? ભગવાને કોના તપના વખાણ કર્યા? (૧)

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૪)**

૧. સે અગણિં ...... ન ઉંજિજ્જા　　૨. સે અપ્પં ...... નેવણ્ણેહિં અદિણ્ણં

૩. ત્રસ પ્રાણીના ઉત્પન્ન થવાના કેટલા પ્રકાર છે? મૂળ પાઠ અર્થ સાથે લખો. (૫)

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. ન અઈવાયાવિજ્જા　૨. તુયટ્ટંતં　૩. દંડગંસિ　૪. વિલિહંતં　૫. અણ્ણં　૬. કટ્ઠેણ

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. રાખી દે　　૨. બહારના પુદ્ગલોને　　૩. અનેક જીવયુક્ત છે

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મિશ્રકાળ એટલે શું?

૨. ચારિત્ર બીજા ભવમાં કેમ સાથે જતું નથી? તપ ઈહભવિક છે કે પરભવિક?

૩. ઈહભવિક–પરભવિક કયા સૂત્રનો અધિકાર છે? તે કાલિક છે કે ઉત્કાલિક? અંગ છે કે ઉપાંગ?

૪. તિર્યંચમાં સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? કયા કયા? તેનો અલ્પબહુત્વ લખો.

૫. સંસાર સંસ્થાનકાળના પ્રકાર લખો.

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૨૫૬ રાશિમાં પહેલા ચાર બોલનો અલ્પ બહુત્વ લખો.

૨. સુપ્ત જીવો અને જાગૃત જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પ બહુત્વ લખો.

૩. ચારે દેવ – દેવીમાંથી નીકળેલા ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

૪. પાંચ સમય સુધી જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય? પ્રત્યેક બુદ્ધ, અધોદિશામાંથી ઉ. કેટલા સિદ્ધ?

૫. ૩૩ બોલમાંથી ચોથા દેવલોકથી સાતમા દેવલોક સુધીનો અલ્પ બહુત્વ લખો.

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્રમાં પાંચમા સૂત્ર સુધી કયા વિષયોનું સંકલન છે? ૨૬ મા સમવાયમાં શેનું વર્ણન છે?(૨)

૨. બીજા ઉપાંગ સૂત્રનું નામ શું છે? શા માટે? (૧×૩)

૩. પરદેશી રાજા કયા મતને માનવાવાળા હતા? આ સૂત્રમાં કેટલા પ્રશ્ન છે?

૪. ઉપાંગ સૂત્રની ગાથા કેટલી? પાખંડીના મત કેટલા?

**જય – જિનેન્દ્ર**